ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0


# ગાંધીનગરમાં ઝરમરિયો વરસાદ

## સિઝનનો ૬ ઇંચ વરસાદ નોંધાયો : વરસાદી ભીજારાના લીધે સેકટરોમાં કાદવ કીચ્ચડ : સેકટરોમાં માટી પોલાણના લીધે ગાબડા અસ્તિત્વમાં આવ્યા : દિવસના અંતે માત્ર ૭ મી.મી. વરસાદ વરસ્યો

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગરમાં આજે પણ દિવસ દરમિયાન વરસાદી માહોલ યથાવત રહ્યો હતો. દિવસ દરમિયાન ઝરમર વરસાદ વરસ્યો હતો. જયારે રાત્રિના પણ સતત ઝરમરિયો વરસાદ યથાવત રહેતા સવારથી જ સેકટરોમાં પાણીના ખાબોચિયા ઉભરાયેલા જોવા મળ્યા હતા. સતત વરસાદી માહોલના લીધે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. આજે સવારથી જ દિવસ દરમિયાન ઝરમર વરસાદ વરસતો રહ્યો હતો. જયારે દિનભર વરસાદી માહોલ છવાયેલો રહેતા નગરનુ વાતાવરણ પણ આહ્‌લાદક બન્યુ હતુ. ગાંધીનગરમાં સિઝનનો ૧૬૧ મી મી વરસાદ નોંધાયો છે. આજે દિવસના અંતે ૭ મી મી વરસાદ વરસ્યો હતો.

ગાંધીનગરમાં હજુ મેઘરાજા સાંબેલાધાર વરસ્યા નથી. વરસાદ મન મુકીને વરસે તેવી નગરજનોની મુરાદ પુરી થઈ નથી. છેલ્લા બે દિવસથી શહેરમાં ઝરમરિયા વરસાદના અંતે ચોમાસાની શરૂઆત થઈ ગઈ હોવાનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. ઝરમરિયા વરસાદના લીધે નગરમાં ભીંજારાનો માહોલ યથાવત છે. જયારે ગઈકાલે રાતથી વરસાદના હળવા છાંટણા વરસવાનુ ચાલુ રહેતા આજે સવારે સેકટરોમાં પાણીના ખાબોચિયા ઉભરાતા નજરે પડયા હતા. જયારે સવારથી જ નગરમાં ખુશ્નુમા વાતાવરણ જોવા મળ્યુ હતુ. દિવસ દરમિયાન પણ શહેરમાં ઝરમર વરસાદ ચાલુ રહ્યો હતો. જેના લીધે વાતાવરણમાં ઠંડક રહી હતી. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૨૮.૪ ડીગ્રી રહ્યુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૨૫.૪ ડીગ્રી નોંધાયુ હતુ. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે નહીંવત તફાવત જોવા મળ્યો હતો.



વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ નોંધપાત્ર રહ્યુ હતુ. સતત વરસાદી માહોલના લીધે નગરજનો ઠંડક અનુભવી રહ્યા છે જયારે સેકટરમાં વાદળિયા વાતાવરણ અને ભીંજારાના માહોલ વચ્ચે વરસાદી સમસ્યાઓ પણ ઉઠવા પામી છે. સતત ઝરમરિયા વરસાદના લીધે શહેરના સેકટરોમાં કાદવ કિચ્ચડના લીધે ગંદકી પ્રવર્તી છે. શહેરમાં અનેક ઠેકાણે ખોદકામના અંતે માટીપુરાણ યોગ્ય રીતે ન થતા મોટા ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. જેના લીધે સેકટરોમાં આ જોખમી ગાબડા ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને તેવી દહેશત છે. પરંતુ મેઘરાજા મનમુકીને હજુ વરસ્યા નથી. ત્યારે શહેરીજનો મુશળધાર વરસાદની વાટે છે. ગાંધીનગર શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૧૬૧ મી મી વરસાદ નોંધાયો છે. અષાઢ મહીનો વરસાદની દ્રષ્ટીએ કોરો રહ્યો છે. સિઝનનો મોટાભાગનો વરસાદ જુલાઈ મહીનામાં થતો હોય છે ત્યારે આજથી શરૂ થતા શ્રાવણ મહીના દરમિયાન ભોળાનાથની કૃપાદ્રષ્ટી વરસાદી હેત સ્વરૂપે વરસે તેવી પ્રાર્થના પણ નગરજનો કરી રહ્યા છે.

# આજથી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ : નગર શિવભક્તિમાં તરબોળ થશે

## રોશની અને રંગોળીથી સુશોભિત શિવાલયોમાં ભાવિકોની ભીડ જામશે : શિવમહીમ્મન સ્તોત્ર, લઘુરુદ્ર, મહાઆરતી, ભજન ,ધુન સહીતના અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન : શ્રાવણના સોમવારે વિશેષ પુજા અર્ચના અને શણગારના દર્શન : શિવાલયો ઓમ નમ : શિવાયના નાદથી ગુંજી ઉઠશે

ગાંધીનગર તા ૩૧

પવિત્ર શ્રાવણ મહીનાનો આજથી પ્રારંભ થતા નગરના શિવમંદિરોમાં ભાવિકોની ભીડ ઉમટશે. ઓમ નમ : શિવાય .. અને બમબમ ભોલેના જયઘોષ વચ્ચે નગરમાં અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થશે. નગરજનો શિવભક્તિમાં તરબોળ થશે. શ્રાવણ મહીનાને અનુલક્ષી નગરના શિવાલયોમાં શિવમહીમ્મન સ્તોત્ર, લઘુરુદ્ર, ભજન, મહાઆરતી , ધુન સહીતના ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. નગરના શિવાલયો પણ રંગોળી



અને રોશનીથી સુશોભિત કરવામાં આવ્યા છે. ભગવાન ભોળાનાથને બીલીપત્ર અને જળદુધનો અભિષેક કરી ભોળાનાથની ભક્તિ કરી ધન્યતા અનુભવશે. શ્રાવણના પ્રારંભે શિવભક્તોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે.

પવિત્ર શ્રાવણ માસનો આજથી પ્રારંભ થશે. ભોળાનાથની ભકિત આરાધનાના આ પર્વ દરમિયાન નગરના શિવમંદિરોમાં ભાવિકોની ભીડ ઉમટશે. ઓમ નમ : શિવાય.. બમ બમ ભોલને જયઘોષથી શિવાલયો ગુંજશે. ભગવાન શિવજીની પુજા અર્ચના માટે નગરના શિવમંદિરોમાં વિશેષ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. પવિત્ર શ્રાવણ મહીના દરમિયાન શિવાલયોમાં અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. શ્રાવણ મહીનાના પ્રારંભે નગરના શિવમંદિરોમાં ભોળાનાથને બીલીપત્ર અર્પણ કરી જળાભિષેક કરવા માટે ભાવિકોની ભીડ જામશે. શિવલીંગ પર દુધ તેમજ જળનો અભિષેક કરી ભાવિકો ભોળાનાથના આર્શીવાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવશે. શિવમંદિરોમાં પણ ભક્તોની ભીડ જોવા મળશે.

● અનુસંધાન પાના - ૭ પર

# સૌથી ઓછો વરસાદ ધરાવતા જિલ્લાઓમાં ગાંધીનગર બીજા સ્થાને

ગાંધીનગર, તા. ૩૧

રાજ્યમાં સૌથી ઓછો વરસાદ નોંધાયો છે તેવા જિલ્લાઓમાં ગાંધીનગરનો ક્રમ બીજો છે. ગાંધીનગર જિલ્લામાં આજ સવારે ૬ વાગ્યા સુધીમાં માત્ર ને માત્ર ૨૦.૬૨ ટકા જ વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં સૌથી ઓછો વરસાદ ગાંધીનગર તાલુકામાં નોંધાયો છે. જિલ્લામાં સરેરાશ ૭૬૯ મિ.મિ. વરસાદ નોંધાતો હોય છે. જિલ્લામાં અત્યાર સુધીમાં સરેરાશ ૧૫૯ મી.મી. વરસાદ જ નોંધાયો છે. જે આખી સિઝનના ૨૦.૬૨ ટકા જેટલો થાય છે.

જિલ્લામાં સૌથી વધુ વરસાદ કલોલમાં ૧૯૨ મી.મી. નોંધાયો છે. આ પછી દહેગામ તાલુકામાં ૧૮૪ મી.મી. વરસાદ તો માણસામાં ૧૬૬ મી.મી. અને ગાંધીનગરમાં માત્ર ૯૨ મી.મી. વરસાદ નોંધાયો છે.

જિલ્લાના ત્રણ તાલુકાઓમાં વાવણીલાયક વરસાદ અર્થાત પાંચ ઈંચ વરસાદ થઈ ચુક્યો છે જ્યારે ગાંધીનગર તાલુકામાં માત્ર ૯૨ મી.મી. જ વરસાદ નોંધાયો છે. જિલ્લામાં આજે સાંજે ૬ વાગ્યા સુધીના અહેવાલો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં ૭ મી.મી., દહેગામમમાં ૮ મી.મી., માણસામાં ૩ મી.મી., કલોલમાં ૧૭ મી.મી. વરસાદ નોંધાયો છે.

ધીમીગતિએ પડી રહેલા વરસાદને પગલે જિલ્લામાં સ્થગિત થયેલી ખરીફ ઋતુની વાવણીનો હજુ એકાદ દિવસમાં પુનઃ પ્રારંભ થશે તેમ મનાઈ રહ્યું છે. જિલ્લામાં ખેડૂતો આ વરસાદથી ઘાસચારાના પાકને જીવતદાન મળ્યુ તેની ખુશી અનુભવી રહ્યા છે પરંતુ વરસાદ ખેતીને લાયક હજુ એકાદ બે દિવસમાં થશે તેવી આશા જીવંત રાખીને બેઠા છે અને વાવણી માટે સારા વરસાદની રાહ જોઈ રહ્યા છે.

# શ્રવણ તીર્થ દર્શન યાત્રા માટે તંત્રએ આગવુ આયોજન કર્યુ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં શ્રવણતીર્થ દર્શન યાત્રા માટે ગાંધીનગર શહેર અને ચાર તાલુકામાંથી એક-એક બસ લઈ જવામાં આવશે. રાજ્ય સરકારની આ યોજના અંતર્ગત ઓગષ્ટના અંતમાં અથવા સપ્ટેમ્બર માસના પ્રથમ સપ્તાહમાં આ યાત્રાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાએ આજે આ અંગેના સંકેતો આપતાં જણાવ્યું હતું કે આ તીર્થયાત્રા માટેના રૂટ નિયત કરી દેવાયા છે. આ યાત્રા ૩ દિવસની રહેશે. આ માટે યાત્રિકે તેનુ સંમતિપત્રક ભરીને આપવાનું રહેશે.

તેમણે કહ્યુ હતુ કે આ રાજ્ય સરકારની યોજના છે. આ યોજનાનો લાભ સમાજના વડીલોને મળે તે માટે છે. તેમણે કહ્યું કે આ રૂટ નક્કી થઈ ગયા છે અને યાત્રિકે તે રૂટની પસંદગી કરી તેનુ સંમતિ પત્રક જે તે મામલતદાર કચેરીએ આપવાનું રહેશે.

શ્રવણતીર્થ દર્શનની સરકારની યોજનામાં વડીલોને ૩ દિવસની વિવિધ યાત્રાએ લઈ જવામાં આવશે. આ માટેનો ૫૦ ટકા ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે જ્યારે જિલ્લાતંત્ર દ્વારા આ માટે સ્પોન્સર શોધી અને યાત્રિકોનો આ પ્રવાસ ખર્ચ સ્પોન્સર ભોગવશે. આમ જિલ્લો પ્રથમ જિલ્લો એવો બનશે જેમાં યાત્રિકોને કોઈ ખર્ચ યાત્રાનો નહિ કરવો પડે.

# સાંસ્કૃતિક બાબતોની યુનેસ્કો સમિતિમાં ભાગ્યેશ જહાની નિમણુંક

ગાંધીનગર તા ૩૧

ભારત સરકારની સાંસ્કૃતિક બાબતોને અગત્યની યુનેસ્કો સમિતિમાં ભાગ્યેશ જહાની નિમણુંક કરવામાં આવી છે.ભારત સરકારે



સાંસ્કૃતિક બાબતો અંગેની યુનાઈટેડ નેશન્સની તજજ્ઞ સમિતિનુ ગઠન કર્યુ છે. આ સમિતિના અધ્યક્ષ તરીકે પદ્મભુષણ સત્યવ્રત શાસ્ત્રી છે. જયારે બીજા ક્રમે જાણીતા સાંસ્કૃતિક પ્રસાશક અને સાહિત્યકાર તરીકે ભાગ્યેશ જહાની નિમણુંક કરાઈ છે. સાંસ્કૃતિક મંત્રાલયે યુનેશ્કોના પ્રોજેકટ અને યોજનાઓની મંજુરી માટે દેશના કલા અને સાહીત્યના પ્રતિષ્ઠીત તજજ્ઞોની સમિતિ રચી છે. ભાગ્યેશ જહાની સાંસ્કૃતિક સચિવ તરીકેના દીર્ધ અનુભવ અને કવિલેખક તરીકેની સર્જાનાત્મક શક્તિઓનો રાષ્ટ્રીય કક્ષાએ ઉપયોગ થશે.

# કલ્ચરલ ફોરમ દ્વારા ત્રીજી ઓગષ્ટે પ્રાર્થના ગાન સ્પર્ધા

## વિદ્યાર્થીઓમાં પ્રાર્થનાનો મહીમા વધે તેવા આશયથી નવતર સ્પર્ધા : નગરની ૨૦ શાળાઓ ભાગ લેશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રજત જયંતિ વર્ષ નિમિત્તે તા. ૩ ઓગષ્ટના રોજ સવારે ૯.૩૦ થી ૧૨.૦૦ કલાક દરમિયાન સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે પ્રાર્થના ગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં શહેરની ૨૦ જાણીતી શાળાઓ ભાગ લેશે. વિદ્યાર્થીઓમાં પ્રાર્થના ગાન મહિમા વધે તેવા આશયથી આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધાનું ઉદઘાટન સે-૧ સમદર્શન આશ્રમના પૂજય ગુરૂમાના હસ્તે કરાશે.

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ઉચ્ચ શિક્ષણ કમિશનર લલિત પાડલીયા ઉપસ્થિત રહેશે. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા થનાર શાળાને રૂપિયા ૨૧ હજારનું ઈનામ એનાયત કરાશે. આ ઉપરાંત દ્વિતીય ક્રમે આવનાર શાળાને રૂપિયા ૧૫૦૦૦ તેમજ તૃતીય ક્રમે વિજેતા થનાર શાળાને રૂ. ૧૧૦૦૦નું ઈનામ એનાયત કરાશે. પ્રાર્થના ગાન સ્પર્ધાને પ્રોત્સાહિત કરવા નગરના જાણીતા ઉદ્યોગપતિ એન.પી. પટેલે આર્થિક સહયોગ પુરો પાડયો છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રજત જયંતિ વર્ષ નિમિત્તે અનેક વિવિધ સાંસ્કૃતિક અને સમાજ ઉપયોગી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગરના જન્મદિવસ નિમિત્તે બાળકો માટે ચિત્ર સ્પર્ધા પણ યોજવામાં આવનાર છે.

# પનઘટ કલા કેન્દ્ર દ્વારા શહેરના જન્મદિને ચાર કલાકારોને એવૉર્ડ આપી સન્માનિત કરાશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરના ૫૫મા જન્મદિન નિમિત્તે પનઘટ કલા કેન્દ્ર દ્વારા તા. ૨જી ઓગષ્ટના રોજ સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે એવોર્ડ સમારંભ યોજાશે. જેમાં નગરના ચાર પ્રતિષ્ઠિત કલાકારો શાસ્ત્રીય સંગીતના તજજ્ઞ પિનાકીનભાઈ વ્યાસ, સુગમ સંગીતના ગાયક કલાકાર બીરેનભાઈ પુરોહિત, લોક સંગીતના લોકપ્રિય ગાયક ભીખુદાનભાઈ ગઢવી અને જાણીતા તબલાવાદક બલવંતસિંહ સિંધાને નગરરત્ન એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવશે. આ પ્રસંગે ગુજરાત રાજય સંગીત નાટય અકાદમી દ્વારા ચારેય કલાકારોની વૈવિધ્યસભર પ્રસ્તુતિ રજૂ કરાશે. નગરજનોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સંસ્થાના અધ્યક્ષ ભાવિન પટેલ દ્વારા જણાવાયું છે.

# જિલ્લા પંચાયતમાં મરામત અને નિભાવણીનુ કામ હાથ પર લેવાયુ

## નવા પ્લોટ માટેની વારંવારની માંગ છતાં પણ સરકારનુ અક્કડ વલણ રહેતાં ૩૦ વર્ષથી વધુ જુના મકાનમાં પોપડા પડતાં મરામતની કામગીરી તંત્રએ હાથ ધરી

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લા પંચાયત માટે નવા મકાનને લઈ પ્લોટ ફાળવણીની માંગ પુનઃ અભેરાઈએ ચડતાં પંચાયતની હાલની કચેરીના મરામતની કામગીરી હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ૩૦ વર્ષ કરતાં પણ વધુ જૂના બિલ્ડીંગમાં હવે વિવિધ કચેરીઓમાં પોપડા પડી રહ્યા છે. પંચાયતે આ માટે મકાન જાળવણી અને નિભાવણીની અલાયદી ગ્રાન્ટની માંગણી કરી હતી.

રાજ્ય સરકારે આ માટે ૧૦ લાખથી વધુ ગ્રાન્ટ ફાળવી હોવાનું બિનસત્તાવાર સૂત્રોએ જણાવ્યુ છે. આ ગ્રાન્ટ મળતાં જ હાલ તો રિપેરીંગ અને મરામતની કામગીરી હાથ ધરવામાં આવી છે.પંચાયતના ભોંયતળિયે બેસતી વિકાસ શાખાને ગેલેરીમાં પ્રથમ મજલે મહિલા બાળ વિકાસ સમિતિના ચેરમેનની કચેરીમાં કામચલાઉ ખસેડી આ બ્રાન્ચનું રિપેરીંગ કામ શરૂ કરાયુ છે.

આ પછી જિલ્લા ખેતીવાડી શાખા અને અન્ય શાખાઓનું કામ હાથ પર લેવામાં આવશે. આ પછી જિલ્લા પંચાયતમાં જે યુરિનલ્સ અને અન્ય બાબતોનું મરામતનું કામ હાથ ધરાશે. જિલ્લા પંચાયતની સામાન્ય સભા માટે હાલ જે સરદાર હોલ છે તેના વિસ્તૃતીકરણ માટે પણ અંદાજો તૈયાર કરાયા છે પરંતુ નાણાંની ઉપલબ્ધિને ધ્યાને રાખી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લા પંચાયત દ્વારા નવીન સંકુલ બનાવવા માટે મોટા પ્લોટની માંગણી વારંવાર કરવામાં આવેલી છે પણ સરકાર આ વાત કાને ધરતી જ નથી. વિધાનસભા ગૃહમાં આ અંગે ખાતરી પણ અપાઈ હતી પરંતુ સરકાર હજુ સુધી કોઈ કાર્યવાહી કરવાના મૂડમાં નથી.

**ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા**
**વર્ષ ૨૦૧૯-૨૦**
**ગાંધીનગર મહાનગરપાલિકા**

બહુમાળી ભવન, બી-બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં નીચે દર્શાવ્યા મુજબના કામ માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઓનલાઈન ટેન્ડરમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફીની રકમ | ઈ.એમ.ડી. રકમ |
|---|---|---|---|
| GMC 11 2019-20 | TENDER FOR SELECTION OF SERVICE PROVIDER FOR MECHANIZED & MANUAL CLEANING OF INTERNAL AREA INCLUDING PUBLIC TOILETS OF VARIOUS SECTOR OF GANDHINAGAR CITY | રૂ. ૧૮,૦૦૦/- | રૂ. ૪૨,૦૦,૦૦૦/- |

ટેન્ડર ફોર્મ તા. ૧-૮-૨૦૧૯ થી તા. ૨૧-૮-૨૦૧૯ સુધી સમય ૧૭.૦૦ કલાક સુધી ઓન લાઈન વેબ સાઈટ : www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના કોઈ પણ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનિક ફોર્મેટમાં સ્કેન કરી www.nprocure.com પર મોકલવાના રહેશે. પ્રિ બીડ મીટીંગ તા. ૯-૮-૨૦૧૯ના રોજ રહે છે. ટેકનિકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડિમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગરપાલીકાના નામે તા. ૨૧-૮-૨૦૧૯ સમય ૧૪ : ૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે. તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ટેકનીકલ ઓફરો ઓપનિંગ તા. ૨૮-૮-૨૦૧૯ના રોજ ૧૭:૦૦ કલાકે કરવામાં આવશે.


સ્થળ : ગાંધીનગર
તા. ૧-૮-૨૦૧૯

નાયબ મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા

માહિતી / ૭૮૫/૧૯-૨૦

**જોઈએ છે**
શ્રી એમ. બી. પટેલ સાર્વજનિક વિદ્યાલય, વાવોલ, તા. જિ. ગાંધીનગર પ્રવાસી શિક્ષક જોઈએ છે.
બી.એસ.સી. (ગણિત, વિજ્ઞાન) માટે તાત્કાલિક સંપર્ક કરવો.
મો. : ૯૯૨૪૯૫૫૦૮૮

**બેસણું - સુંવાળા**



અમારા પૂજ્ય પિતાશ્રી કાંતિલાલ છગનલાલ ચૌહાણ (નિવૃત્ત ઉપસચિવ, સિવિલ સપ્લાય) તા. ૨૯-૭-૨૦૧૯ને સોવારના રોજ અક્ષરનિવાસી થયેલ છે. સદ્‌ગતનું બેસણું તથા સુંવાળા તા. ૨-૮-૨૦૧૯ને શુક્રવારે સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલની વાડી, સેક્ટર-૭/સી, ગાંધીનગર

લિ.
મહેન્દ્રભાઈ કાંતિલાલ ચૌહાણ (નિવૃત્ત સમાજ કલ્યાણ નિરીક્ષક,GSCC)
દિનેશભાઈ કાંતિલાલ ચૌહાણ (નિવૃત્ત ના. સે. અ., માર્ગ અને મકાન વિભાગ)
શરદભાઈ કાંતિલાલ ચૌહાણ (યુવા ટેલર્સ)
હિરેનભાઈ કાંતિલાલ ચૌહાણ (યુએસએ)
દિલીપભાઈ કાંતિલાલ ચૌહાણ (યુએસએ)

**બેસણું**




મારા પુત્ર શ્રી શ્યામસુંદર કેશવપ્રસાદ પ્રજાપતિનુ તા.૨૮-૭-૨૦૧૯ ને રવિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૨-૮-૨૦૧૯ ને શુક્રવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે

નિવાસસ્થાન :- પ્લોટ નં.-૯૬/૨, સેકટર-૪-એ, ગાંધીનગર

કેશવપ્રસાદ સુખદેવ પ્રજાપતિ (પિતા)
મદન કે. પ્રજાપતિ (ભાઈ) — માધુરી શ્યામસુંદર પ્રજાપતિ (પત્ની)
પરમહંસ કે. પ્રજાપતિ (ભાઈ) — જીતેન્દ્ર એસ. પ્રજાપતિ (પુત્ર)
તથા સમસ્ત પ્રજાપતિ પરિવાર — ધર્મેન્દ્ર એસ. પ્રજાપતિ (પુત્ર)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

હમારા લક્ષ્ય TV LIVE વિશ્વ કા કલ્યાણ હો...
પવિત્ર શ્રાવણ માસમાં લક્ષ્ય ચેનલમાં લાઈવ....
ગાંધીનગર - પાટનગરના આંગણે
શિવકથા



શ્રી ભારતીબાપુ
કથા પ્રારંભ ૦૨/૦૮/૨૦૧૯, શુક્રવાર
કથા વિરામ ૦૮/૦૮/૨૦૧૯, ગુરૂવાર
કથા સમય : બપોરે ૩-૦૦ થી ૬-૩૦ કલાક સુધી
કથા વક્તા શ્રી ગોસ્વામી સંજયભારતી બાપુ (ગાંધીનગર)
કથા સ્થળ : શ્રી સોમનાથ મહાદેવ મંદિર, બ્રહ્મભવન,સેક્ટર-૧૬, ગાંધીનગર.
તમામ શિવ-ભક્તો માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા કરેલ છે.(પાસ માટે સમય : ૨.૩૦ થી ૩.૦૦)
સૌજન્ય : શ્રીમતિ શાન્તાબેન રમેશભાઈ પટેલ પરિવાર - કેપિટેલ ઓફસેટ, ગાંધીનગર.
સંપર્ક : કિરણ એસ. ગોસ્વામી સુંદર ધામ
Mo. 8141217050, 9428595741
Mo 9374177184, 9327003940

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૯૧, ફેક્સ : ૨૩૨૩૦૫૯૧ E-mail : gandhinagarsamachar@ymail.com